# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર


**જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, એરફોર્સ રોડ, દિગ્જામ મીલ સામે,**

**જામનગર**

ડો. કે. પી. બારૈયા
સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ

Email:- *kvkjamnagar@gmail.com*
*kvkjamnagar@jau.in*

ફોન/ફેક્ષ નં (૦૨૮૮) ૨૭૧૦૧૬૫


જા.નં.જુકૃયુ/કેવીકે/ટેક- ૭/ જાહેરાત/ ૧૧૬૧-૧૧૬૩ /૨૫ જામનગર તારીખ :-૦૩/૧૦/૨૦૨૫

## જાહેરાત

જય ભારત સાથ જણાવવાનું કે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગરની કચેરી ખાતે ફાર્મ વિભાગનાં જુદા જુદા પ્લોટમાં નીચેની વિગતે કામગીરી કરવાની હોઈ, સામેલ જાહેરાત મુજબ રસ ધરાવનાર પાર્ટીઓએ નિયત નમૂનામાં ભાવ ભરીને સહી /શીક્કા સાથે બંધ કવરમાં તારીખ ૧૮/૧૦/૨૦૨૫ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીને મળે તે રીતે પોસ્ટ અથવા રજીસ્ટર્ડ એ. ડી. થી મોકલવા.

| ક્રમ | વિગત | અંદાજીત ફેરા | ભાવ પ્રતિ ફેરા |
|---|---|---|---|
| ૧ | ફાર્મ વિભાગમાં જેસીબી દ્વારા તલાવડીમાંથી માટી ખોદી ટ્રેક્ટર ભરી અન્ય પ્લોટમાં **(અંતર આશરે ૫૦૦ થી ૧૦૦૦ મીટર)** ટ્રેક્ટર દ્વારા માટી પાથરવાની કામગીરી | ૭૦૦ ફેરા | |

સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ
કેવીકે, જામનગર

પ્રતિ.

૧)અત્રેની કચેરીના નોટીસ બોર્ડ પર

૨)આઈ.ટી. સેલ જુકૃયુ જુનાગઢ તરફ (યુનિવર્સીટી વેબસાઇટમાં પ્રસારિત કરવા)

૩) સંશોધન વૈજ્ઞાનિક બાજરાના નોટીસ બોર્ડ પર

## શરતો અને બોલીઓ

1. ભાવો બંધ કવરમાં તારીખ ૧૮/૧૦/૨૦૨૫ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીને મળે તે રીતે મોકલવા.
2. ભાવના કવર પર **"જેસીબી સાથેના ટ્રેક્ટરના ફેરાના ભાવ "** એમ લખવું
3. ઉક્ત કામગીરી ઉધારબીલથી કરવાની રહેશે તથા સદર બીલનાં નાણા ચેકથી ચુકવવામાં આવશે
4. અત્રેની કચેરી દ્વારા આપેલ જાહેરાતમાં જોડેલ પ્રફોર્મામાં/નમુના મુજબ જ ભાવ લખી સહી સિક્કા કરી અત્રેની કચેરીને કુરિયર અથવા પોસ્ટ/રજીસ્ટર એડીથી મોકલવાના રહેશે, રૂબરૂ ભાવ સ્વીકારવામાં આવશે નહી.
5. કોઈ પણ ભાવો માન્ય રાખવા કે નહી તે નીચે સહી કરનાર અધિકારીની સત્તા મર્યાદામાં રહેશે.
6. ભાવો તમામ ટેક્સ સાથેના આપવાના રહેશે
7. આ ટેન્ડર મંજુર થયે વર્ક ઓર્ડર આપ્યાના દિવસથી ૧૫ દિવસમાં કામગીરી પૂર્ણ કરવાની રહશે તેમજ કચેરી સમય દરમ્યાન જ કામગીરી કરવાની રહેશે.
8. કેવીકેના પ્લોટ નંબર ૨૦/૨૩ માં માટી પાથરવાની રહશે.
9. ટ્રેક્ટરના ફેરા પ્રમાણે ભાવ ગણવાના રહેશે. જેસીબીની કામગીરીના કલાક અથવા ભાવ અલગથી ગણવામાં આવશે નહિ.
10. ટ્રેક્ટર દ્વારા માટી જમીન પર આછી આછી પાથરવાની રહેશે.
11. કચેરીના સ્ટાફ દ્વારા અવાર નવાર મુલાકાત લઇ ચકાચણી કરવામાં આવશે અને તેમની સાથે પરામર્શ કર્યા બાદ જ કામગીરી કરવી.
12. ગમે તે સંજોગોમાં કચેરીના વડાને થયેલ કોન્ટ્રાક્ટ રદ કરવાની આખરી સત્તા હોય અયોગ્ય બિન જરૂરી જણાયે આ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે. ઉપરોક્ત અંદાજીત ફેરામાં અત્રેની કચેરીની જરૂરિયાત મુજબ જ ફેરા પાથરવાની કામગીરી કરાવવામાં આવશે. આમાં કોઈપણ પ્રકારની અપીલ થઇ શકશે નહી.
13. આ સિવાય વખતો વખતનાં નિયમો કે સૂચનો આપો આપ લાગુ કરવામાં આવશે જે બંધન કર્તા રહેશે.
14. ભાવ પત્રક મંજૂર થયે આપના સાધનિક પુરાવા આધારકાર્ડ, ઇલેકશનકાર્ડ, રેશન કાર્ડ, પાન નંબર, જીએસટી નંબર, બેંક ખાતા નંબર ડીટેઇલ તથા ધંધાના નામ જોગ મળેલ પરવાના વિશેની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે અને તુરંત જ બાહેંધરી પણ આપવાની રહેશે.
15. જો પાર્ટી વાર્ષિક પચાસ હજાર કરતા વધારે આવકવેરો ભરતી હોય તો છેલ્લા બે વર્ષના **આવકવેરા રીટર્ન ફાઈલ**ની નકલ અથવા જો પાર્ટી વાર્ષિક પચાસ હજાર કરતા ઓછો આવકવેરો ભરતી હોય તો તે અંગે પાર્ટીએ પોતાના લેટરપેડ પર પ્રમાણપત્ર આપવાનું રહેશે

સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ
કેવીકે, જુકૃયુ, જામનગર

(ટેન્ડર ભરનારની સહી સિક્કો)

## :: ભાવ પત્રક::

ટેન્ડર ભરનારનું નામ -:

પ્રતિ શ્રી,
સિનિયર સાયન્ટીસ્ટ એન્ડ હેડ,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,
જુ.કૃ.યુ., જામનગર

**વિષય :જેસીબી સાથેના ટ્રેક્ટરના ફેરાના ભાવો આપવા બાબત....**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગર કચેરી ખાતે **નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬** માટે ફાર્મ વિભાગનાં જુદા જુદા પ્લોટમાં જેસીબી દ્રારા તલાવડીમાંથી માટી ખોદી ટ્રેક્ટર ભરી અન્ય પ્લોટમાં ટ્રેક્ટર દ્રારા માટી પાથરવાની કામગીરી કરવાની હોઈ, સામેલ જાહેરાત મુજબ આ કામગીરી કરવા માટેના ટેન્ડરની શરતો મેં વાંચી અને સમજી છે. આ શરતોને આધીન રહી મારા ભાવ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જામનગરની કચેરીને તમામ સર્વિસ ટેક્ષ અને જીએસટી સહિતના ભાવ નીચેની વિગતે ભરી જણાવું છું.

ટેન્ડર ભરનાર ઈજારદારનું પુરૂ નામ:- ..............................................................................
પેઢીનું નામ :-.........................................................................................................
ધંધાનું સરનામું :-....................................................................................................
મોબાઈલ/ફોન નં. :- ..................................................................................................

| **ક્રમ** | **વિગત** | **અંદાજીત ફેરા** | **ભાવ પ્રતિ ફેરા** |
|---|---|---|---|
| ૧ | ફાર્મ વિભાગમાં જેસીબી દ્રારા તલાવડીમાંથી માટી ખોદી ટ્રેક્ટર ભરી અન્ય પ્લોટમાં ટ્રેક્ટર દ્રારા માટી પાથરવાની કામગીરી | ૭૦૦ ફેરા | |

નોંધ:- ઉપર મુજબના ભાવો તમામ સાધન સામગ્રી તથા તમામ ટેક્ષ સાથેના આપવાના રહેશે.

ઉપરોક્ત જણાવેલ તમામ વિગતો સાચી છે તથા ટેન્ડરની તમામ શરતો મેં વાંચી-સમજી છે જે મને બંધનકર્તા રહેશે અને તેનું પાલન કરવાની હું ખાત્રી આપું છું.

સ્થળ :
તારીખ : (ટેન્ડર ભરનારની સહી/સિક્કો)